# નવી સીવીલ કોવીડ-૧૯ હોસ્પીટલમાંથી કોરોનાગ્રસ્ત દર્દીના સોનાના ઘરેણા ચોરી કરતી મહીલા કર્મચારીને પકડી પાડતી ખટોદરા પોલીસ

ખટોદરા પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૨૩૨૧૦૭૮૭/૨૦૨૧ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનાના આરોપી કંચનબેન ભગવાનભાઇ સુરતી ઉ.વ.૪૦ ધંધો-નોકરી રહે.એસ.એમ.સી.ક્વાટર્સ, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરતનાને અગાઉ નોધાયેલ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા પો.સ.ઇ. એ.કે. કુવાડીયાનાઓ સાથેના સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. જિતેન્દ્રસિંહ જેઠાભાઇ બ.નં.૭૩૧ તથા વુ.અ.પો.કો. કીંજલ ગાંડાભાઇ બ.નં.૨૫૧૯ નાઓની મળેલ બાતમી આધારે આરોપીને પકડી પાડી તેમની પાસેથી સોનાની કાનની બુટ્ટી સાથે એક તુટી ગયેલ મંગળસુત્ર વજન ૭.૬૫ ગ્રામ કીંમત રૂપીયા ૨૭,૫૦૦/- તથા સોનાની બુટ્ટી વજન ૧૫.૩૦૦ ગ્રામ કીંમત રૂપીયા ૫૫,૦૦૦/- ની મળી કુલ્લે રૂપીયા ૮૨,૫૦૦/- મતાનો મુદામાલ કબ્જે કરી ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.